મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	કૃષ્ણ પક્ષ પ્રતિપદા, રાત્રે ૧૦:૪૯ પછી દ્વિતિયા
વાર	રવિ
નક્ષત્ર	રાત્રે ૮:૫૭ સુધી ભરણી, ત્યાર બાદ કૃત્તિકા
કરણ	બાલવ સવારે ૯:૩૪ સુધી, ત્યાર પછી કૌલવ રાત્રે ૧૦:૪૯ સુધી, ત્યાર બાદ તૈતિલ
યોગ	વ્યતિપાત તારીખ ૨ નવેમ્બરની સવારે ૫:૧૯ સુધી, ત્યાર પછી વરિયાન
આજની રાશિ વૃષભ	મેષ તા. ૨ નવેમ્બરના ૩:૪૧ સુધી, ત્યાર બાદ
રાશિના અક્ષરો	અ. લ. ઈ તા. ૨ નવેમ્બરના ૩:૪૧ સુધી, ત્યાર પછી બ. વ. ઉ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે કામો પૂરાં કરવા માટે દૃઢનિશ્ચય કરજો. કામો અધૂરાં ન છોડતાં. કંટાળી જવાથી કોઈ લાભ નથી. મગજમારી કયા કામમાં નથી. દરેક કામ માં વિઘ્નો આવતાં હોય છે. આપણે સ્વસ્થ રહીને કામો પૂરાં કરીએ એ જ સફળતા છે. આજે નવી તકો આવે પણ હાથમાંથી સરકી ન જાય, તે ધ્યાન રાખજો.

વૃષભ (બ. વ. ઉ.)
જે લોકો આપના ઉપર વિશ્વાસ રાખે છે, તેમનો વિશ્વાસ આપની ઉપર ટકી રહે, તે માટે પ્રયાસો કરવા પડશે. આજના દિવસે ખર્ચ વધવાની સંભાવનાઓ રહેશે. વાહન ચલાવતાં સાચવવું. અકસ્માતની અથવા વાહનને નુકસાન થવાની સંભાવના છે. ખર્ચ થશે, એક યા બીજી રીતે.

મિથુન (ક. છ. ઘ)
આજે સરસ દિવસ છે. નવા પરિચયો કેળવાય અને જુના પરિચયથી લાભ થાય. આરામ અને કામની વચ્ચે સમય પસાર થશે. આજે સગાં સંબંધીઓ સાથે વાતચીત થવાની શક્યતાઓ છે. આપ દોસ્તારો કે બહેનપણીઓ સાથે સંપર્કમાં રહેશો. ધ્યાન રાખવા જેવું એ છે કે કોઈ આપના સારા સ્વભાવનો લાભ ન ઉઠાવી જાય. આજે લાભ લેવાનો દિવસ છે, આપવાનો નહીં.

કર્ક (ડ. હ.)
આપ જે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરી રહ્યાં હશો તેમાં આપને સરાહના મળશે. પણ આપ કોઈ પણ બાબતે લાગણીશીલ થઈને પ્રતિસાદ ન આપતાં. શક્ય હોય તેટલી વ્યવહારદક્ષતા જાળવીને લોકો સાથે વાત કરજો. જે લોકો આપની પ્રગતિથી જલન અનુભવે છે, તેમના પરત્વે પણ દ્વેષ ન રાખશો. અંગત જીવન માટે સમય નહીં હોય, પણ સ્વજનોની ચિંતા સતાવશે.

સિંહ (મ. ટ.)
આજે નવા વિચારો આવશે. કિસ્મત આપની સાથે હોવાથી હિંમત ખુલશે. એમ થશે કે મોટું સાહસ કરીએ. પણ એવું કરતાં પહેલાં બધી ગણતરીઓ બરાબર જોઈ લેજો. હિસાબ કરજો. આવો હિસાબ નોકરી ધંધામાં જ કરવાનો હોય એવું નહિ. સંબંધોમાં પણ ગણિત ખોટું ન પડવું જોઈએ. ભૌતિક બાબતો અને સુખ-સગવડ માટે આજનો દિવસ સારો છે.

કન્યા (પ. ઠ. ણ)
જે બાબતોમાં આપને શંકા છે, તે શંકાઓ સાચી પડે તેવું બને. આજના દિવસે તબિયતની વિશેષ જાળવણી કરજો. શક્ય હોય ત્યાં સુધી બહારનું ખાવાનું અવોઇડ કરજો. જો ખાવું જ પડે, તો સારી ક્વોલિટીનું જ આરોગજો. આજના દિવસે શારીરિક અને માનસિક સ્થિતિ નાજુક હોવાથી, બહુ ભારણ પડે એવાં કામો ન કરવાં. હળવે હળવે કામ કરવું અને વચ્ચે વચ્ચે આરામ કરવો.

તુલા (ર. ત.)
આજે સંબંધો આપના માટે મહત્વના રહેશે. પી. આર. (પબ્લિક રિલેશન્સ) વધારવા માટે ઉત્તમ દિવસ છે. આપને આજે કોઈકના ના કોઈકના સંગાથની જરૂર પડ્યા જ કરશે. કોઈ પણ કામ આપ એકલા નહીં કરી શકો. દુનિયા આપની તરફદારી કરશે. લોકો આપની વાત સાંભળશે અને માનશે. લગ્નજીવનમાં મધુર પળો પસાર થાય. આજનો દિવસ સારો છે એવું કહી શકાય.

વૃશ્ચિક (ન. ય.)
આજે આપ બીજા લોકો પાસેથી આપ વધારે કામની અપેક્ષા રાખશો. જો કોઈની પાસે કામ કઢાવવું હોય તો મુત્સદ્દી (ડિપ્લોમેટિક) બનજો. આપ કોઈની ઉપર હાવી થવા જશો, તો તકલીફ થશે. આર્થિક ખર્ચ થવાની સંભાવના છે. આપ ખર્ચાને લીધે થોડા વ્યથિત રહેશો. જો પૈસા બાબતે રડશો, તો પૈસા આપનાથી દૂર ભાગશે – એટલે એવું ન કરતાં.

ધન (ભ. ફ. ધ. ઢ)
આજના દિવસે કામમાં નિખાર આવશે. જો કામ નહીં કરવાના હોવ અને માત્ર આનંદ પ્રમોદ કરવાના હશો, તો તેમાં પણ મોજ પડશે. અન્ય લોકો આપના પરફોર્મન્સના વખાણ કરશે. આપના જ્ઞાનમાં આજે વધારો થશે. જેવી રીતે આપ બીજા લોકોને આનંદ આપો છો તેમ આપને પણ બીજા લોકો આનંદ કરાવશે. આજે આપ પ્રખ્યાત થાઓ અને આપનું નેટવર્ક વધે તેવી શક્યતાઓ છે.

મકર (ખ. જ.)
જીવન અંગે આપનો ખ્યાલ બદલાશે. આજે આપ વધુ ગંભીરતાથી દરેક બાબત અંગે વિચારશો. પોતાની પ્રોપર્ટીનું શું કરવું, વાહનો અપગ્રેડ કરવા કે નહીં, નવી ઓફીસ લેવી કે નહીં; આ પ્રકારનાં વિચારોથી મગજ ઘેરાયેલું રહે. પરિવારજનો સાથે ખુલીને વાત કરવાથી આપના વિચારોને નવા આયામો મળશે. કશું ખાનગી ન રાખતાં. નિકટના લોકોને તો બધું જ કહેવાય.

કુંભ (ગ. શ. સ.)
આજે આપના વિચારોને નવી દિશા સાંપડશે. આપને ખ્યાલ આવશે કે દરેક વસ્તુને પોતાનો સમય આપવો પડે છે. તેવી જ રીતે, દરેક વ્યક્તિને પણ એનો સમય આપવો પડે છે. આજના દિવસે આપ વધુ ઓર્ગેનાઈઝ્ડ બનવા કોશિશ કરશો. જે લોકો ઉપર વિશ્વાસ હશે તે વિશ્વાસમાં ખરાં ઉતરશે. આરામ અને કામ વચ્ચે બેલેન્સ જાળવી શકશો.

મીન (દ. ચ. ઝ. થ)
આજના દિવસે સુખ અને શાંતિનો અનુભવ પરિવારજનો સાથે થાય. બહાર સુખ શોધવા જવાની જરૂરત જ નથી. આજે પરિવારજનો આપની લાગણીઓ સમજી અને પ્રતિસાદ આપી શકશે, જેનાથી આપને સારું લાગશે. આજે આપનું આર્થિક પાસું સંતોષકારક રહેશે. ખર્ચ થશે તો પણ આવતા સપ્તાહમાં સરભર થઈ જશે.

રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૯૩૫ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૫ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૬૦,૫૩,૮૪૭ ટેસ્ટ કરાયા તેમજ ૧,૫૬,૧૧૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઇ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૯૩૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૧૪ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૫૬,૧૧૯ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૨૭ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૧,૫૭૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૯૩.૪૫ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૦,૫૩,૮૪૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૦,૯૧૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૧૫,૦૪૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૦૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૨૭ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૧૦૬ એક્ટિવ કેસ છે.

વેન્ટિલેટર પર ૫૯ છે. જ્યારે ૧૩,૦૪૭ લોકો સ્ટેબલ છે. ૧,૫૬,૧૧૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૧૯ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૫ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, પાટણમાં ૧, રાજકોટમાં ૧ અને સુરત કોર્પોરેશનના ૧ સહિત કુલ ૫ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્દ્રની વર્તમાન ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિ સામે આજરોજ કિસાન અધિકાર દિવસ નિમિત્તે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભી સહિત આગેવાનો તેમજ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલી અર્પણ

રાજસ્થાનમાં પુજારીની હત્યા કેસમાં બનાસકાંઠા યુવા બ્રહ્મ સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન

રાજસ્થાનના કરોલીમાં મંદિરની જમીન પચાવી પાડવાના મુદ્દે પુજારીની હત્યા કરવામાં આવી હતી.જેના પગલે સમસ્ત બ્રહ્મ સમાજ બનાસકાંઠા યુવા મોરચા દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપી આરોપીઓને ઝડપી તેના પરીવારને ન્યાય આપવા માટે જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી.રાજસ્થાનના કરોલીમાં મંદિરની જમીન પચાવી પાડવા અસામાજીક તત્વો દ્વારા પુજારીની નિર્મમ હત્યા કરવામાં આવી હતી.જેના દેશ ભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.જેના પગલે સમસ્ત બ્રહ્મ સમાજ બનાસકાંઠા યુવા મોરચા દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી પુજારીની હત્યામાં સીબીઆઈને તપાસ સોપવી તેમજ પુજારીના પરીવારના એક સભ્યને સરકારી નોકરી આપવા સહીત આરોપીઓને જડપથી પકડવામાં આવે અને પરીવારને ૫૦ લાખની સહાય આપવાની માંગ કરી છે.જો બ્રહ્મ સમાજની આ માગણીઓ નહી સ્વિકારવામાં આવે તો આગામી દિવસોમાં બ્રહ્મ સમાજ દ્વારા વિરોધ દર્શાવી રાજસ્થાન કુચ કરવાની ચીમકી આપવામાં આવી હતી.

મગરવાડા માણિભદ્ર વીર સ્થાનક ખાતે વિદાયનો ભાવ દર્શન પ્રસંગ

મગરવાડા માણિભદ્ર વીર સ્થાનક પરિસરમાં યતિ શ્રી વિજયસોમજી મહારાજના અધ્યક્ષ સ્થાને વય નિવૃત થઈ રહેલ મગરવાડા હાઇસ્કૂલના આચાર્ય ગજાનંદભાઈ જોશીનો વિદાય સમારોહ કોરોનાની સંપૂર્ણ ગાઈડના પાલન સાથે યોજવામાં આવ્યો. આ પ્રસંગે શાળાના આચાર્ય ગજાનંદભાઈ જોશીને ટ્રસ્ટી મંડળ તરફથી ૨૧૦૦૦ નો ચેક અને મોમેન્ટો શાળાના ટ્રસ્ટીગણ વતી દિનેશભાઈ જોશીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો. ગામના ટ્રસ્ટી મંડળે તથા ગામના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનો દ્વારા ફૂલહાર અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું .શાળાના સ્ટાફગણ દ્વારા મોમેન્ટો આપીને સન્માન અને સન્માન પત્રનુ વાંચન પણ કરવામાં આવ્યું .આ પ્રસંગે પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા પણ સાલ વડે સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગને અનુરૂપ મીઠાં સંસ્મરણોને અને તેમના શાળાકીય પ્રસંગો વર્ણવવામાં આવ્યા હતા.

હર્ષ મહેશ્વરી, શ્રીપદ સર્મા કાત્રાપતિ, આર્યન છાબ્રા અને લક્ષીમી રાજારામ દેશમાં શ્રેષ્ટ ક્યુબ ઉકેલનારાઓ બન્યા

ભારતઃ રેડ બુલ રૂબિક્સ વર્લ્ડ કપની ત્રીજી આવૃત્તિની નેશનલ ફાઈલનમાં દેશભરમાંથી ક્યુબ ઉકેલનારાઓની હાજરી અનુભવાઈ હતી જેમણે પોતાના ઘરે એકબીજા સાથે દેશભરમાં સ્પર્ધા કરી હતી. ૧૮ ઓક્ટોબરે ભારતના ઓનલાઈન ક્વોલિફાયર્સમાં ૫૫૦ ક્યુબ ઉકેલનારાઓ (મિશ્ર) દ્વારા ભાગીદારી જોવામાં આવી હતી. ફાસ્ટેસ્ટ હેન્ડ, રિ-સ્ક્રેમ્બલ અને સ્પીડ ક્યુબીંગ (મિશ્ર) દરેકમાંથી ૮ની સાથે સ્પીડ ક્યુબીંગના ૬ (ફિમેલ્સ) શ્રેષ્ઠ ટાઈમીંગ સાથે ક્વોલિફાઈડ થઈ હતી અને ૨૫ ઓક્ટોબરે તેમના ઘરેથી વન-વી-વન ફોરમેટમાં ઓનલાઈન નેશનલ ફાઈનલ્સમાં સ્પર્ધા કરી હતી. આ ફાઈનલ્સમાં આર્યન છાબ્રા (નવી દિલ્હી), લક્ષીમી રાજારામ (ચેન્નઈ), હર્ષ મહેશ્વરી (મુંબઈ) અને શ્રીપદ સર્મા કાત્રાપતિ (કોલકાતા)એ પોતાની વિવિધ કેટેગરીમાં, એટલે કે સ્પીડ ક્યુબીંગ (મિકસ્ડ), સ્પીડ ક્યુબીંગ (ફિમેલ), રિસ્ક્રેમ્બલ અને ફાસ્ટેસ્ટ હેન્ડમાં તેમના પ્રતિસ્પર્ધીઓ સામે વિજય હાંસલ કર્યો હતો.

ઈન્ડિયન ઓઈલ રજૂ કરે છે ભારતમાં કોમન ઈન્ડેનરિફીલ બુકીંગ નંબર

તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન ઓઈલ દ્વારા ભારમતાં કોમન ઈન્ડેન રિફીલ બુકીંગ નંબર શરૂ કરવામાં આવ્ય છે. એલપીજી રિફીલ્સ માટે કોમન બુકીંગ નંબર ૭૭૧૮૯૫૫૫૫૫ છે. આ નંબર ગ્રાહકો માટે ચોવીસે કલાક કાર્યરત છે.

એસએમએસ અને આઈવીઆરએસ મારફતે આવેલા ઈન્ડિયન ઓઈલનું એલપીજી રિફીલ બુકીંગનો કોમન નંબર ગ્રાહક સુવિધાને ઉત્કૃષ્ટ બનાવવાનું આકર્ષક પગલું છે. જો ગ્રાહકો એક ટેલિકોમ સરકલમાંથી બીજી સરકલમાં જાય તો પણ આ નંબર યથાવત રહે છે.

હાલમાં ટેલિકોમ સરકલ આધારિત ફોન નંબર તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ મધ્યરાત્રિથી બંધ થઈ જશે અને ૭૭૧૮૯૫૫૫૫૫ નંબર કાર્યાન્વિત થશે. ઈન્ડેન એલપીજી બુકીંગ ગ્રાહકોનાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબરથી જ થઈ શકશે.

સામનો કર્યો છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબોધન કરી રહેલા વડાપ્રધાન મોદીએ ભાવિ આઈએએસ અધિકારીઓને જણાવ્યું કે, તેઓ એવા સમયે રાષ્ટ્ર સેવામાં જોડાઈ રહ્યા છે જ્યારે દેશ ૭૫માં સ્વતંત્રા પર્વ તરફ આગળ વધી રહ્યું છે. સરકાર ફક્ત નીતિઓ પર નથી ચાલી શકતી. જે લોકો માટે પોલીસી ઘડવામાં આવે છે તેવા સામાન્ય લોકોનો પણ તેમાં સમાવેશ કરવો પડે છે. પ્રજા સરકારની નીતિઓના લાભાર્થી માત્ર નથી હોતી પરંતુ તેઓ આ નીતિઓ ઘડવા માટેનું પ્રેરક બળ હોય છે. જેથી આપણે ગવર્નમેન્ટથી ગવર્નન્સ તરફ વળવું જોઈએ.આઈએએસની સેવામાં એકતરફ આરામ, નામ અને ખ્યાતિ હશે જ્યારે બીજીતરફ સંઘર્ષ, મુશ્કેલી અને તકલીફો હશે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, મારા મતે તમે જ્યારે સરળ રસ્તો પસંદ કરો છો ત્યારે તમારા માટે ખરી મુશ્કેલીઓ સર્જાય છે. અધિકારીઓએ લોકો વચ્ચે દખલ ઓછી કરીને સામાન્ય લોકોના ઉત્થાન માટે કામ કરવું જોઈએ.

સરકારી અધિકારી કોઈપણ નિર્ણય કરે તે રાષ્ટ્રહિતમાં હોય તે સુનિશ્ચિત કરવું જોઈએ અને તે દેશની એકતા તેમજ અખંડતાને વધુ મજબૂત કરે તેવો હોવો જોઈએ તેમ પીએમ મોદીએ જણાવ્યું હતું.

સી-પ્લેન સેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદી ગુજરાતનો બે દિવસીય પ્રવાસ પૂર્ણ કરી અમદાવાદ એરપોર્ટથી નવી દિલ્હી જવા રવાના થયા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આયોજિત એક કાર્યક્રમમાં પીએમ મોદી લોકોને સંબોધન કરી રહ્યા છે. આજે સરદાર સરોવરથી સાબરમતી રિવર ફ્રન્ટ સુધીની સી-પ્લેન સેવા પણ શરૂ થવા જઈ રહી છે. સરદાર સાહેબના દર્શન માટે હવે દેશવાસીઓ પાસે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે સી-પ્લેન સેવાનો વિકલ્પ પણ હશે. આ તમામ પ્રયાસો આ ક્ષેત્રમાં પર્યટન વધારે છે. પીએમ મોદીએ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'પહોંચીને આજે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું – 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'થી કેવડિયામાં રોજગારની નવી તકો પણ ઉભી થઈ છે.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આ પણ એક અદ્દભુત સંયોગ છે કે આજે વાલ્મીકિ જયંતિ પણ છે. આજે ભારતની સાંસ્કૃતિક એકતા, તેને જીવંત અને ઉર્જાવાન બનાવવા માટે આપણે જે ભારતનો અનુભવ કરીએ છીએ, તે સદીઓ પહેલા આદિકાવી મહર્ષિ વાલ્મીકી દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૦૧૪માં, અમે સરદાર પટેલનો જન્મદિવસને ભારતની એકતાના તહેવાર તરીકે ઉજવવાનું શરૂ કર્યું. આ ૬ વર્ષમાં દેશે ગામથી શહેરો સુધી, કાશ્મીરથી કન્યાકુમારી સુધી પૂર્વથી પશ્ચિમ સુધી તમામે એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે

તાજેતરમાં, પાડોશી દેશમાંથી જે સમાચાર આવ્યા છે, ત્યાંની સંસદમાં સત્યતા સ્વીકારવામાં આવી હોવાથી આ લોકોના વાસ્તવિક ચહેરાઓ દેશમાં ખુલ્લા પડ્યા છે. રાજકીય સ્વાર્થ માટે આ લોકો કેટલી હદ સુધી જઈ શકે છે, તે પુલવામા હુમલા પછી રાજકારણનું એક મોટું ઉદાહરણ છે.

હું આવા રાજકીય પક્ષોને વિનંતી કરીશ કે દેશની સુરક્ષાના હિતમાં આપણા સુરક્ષા દળોના મનોબળ માટે, આવી વસ્તુઓ ટાળવા માટે, રાજકારણ ન કરવું. તમારા સ્વાર્થ માટે, તમે દેશ-વિરોધી દળોના હાથમાં, જાણી જોઈને અથવા અજાણતાં રમીને દેશની કે તમારી પાર્ટીનું હિત કરી શકશો નહીં. આપણે તે હંમેશાં યાદ રાખવાનું છે કે આપણે બધા માટે સર્વોચ્ચ હિત દેશહિત છે. જ્યારે આપણે દરેકના હિતો વિશે વિચારીશું, ત્યારે જ આપણે પ્રગતિ અને પ્રગતિ કરીશું.

૧૮ને ડિસ્ચાર્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૫ માંથી ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૬માં રહેતી અને વાવોલ ખાતે શિક્ષિકા તરીકે ફરજો બજાવતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેક્ટર-૫ માં રહેતા ૩૦ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૪ માંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે

સે. ૧૩ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૧૩ માંથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે ખાનગી નોકરી કરતા અને સે. ૧૩ માં રહેતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે આશ્કામાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માં રહેતા ૪૯ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામેથી આજે વધુ ૧ કેસ મળેલ છે. સે. ૧ ખાતે સેવક તરીકે ફરજો બજાવતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨૦ માંથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલ અને ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા સમાન હોવાનો યોગાનુયોગ થયો છે.

૧૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં ઓલ છે. આ સાથે જિલ્લામાં ૨૩૫૩ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૪,૨૬૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

સર્કલો કંગાળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનો આક્રોશ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. સર્કલો ફરતેની દિવાલમાં પણ ઘણાં ઠેકાણે ગાબડા જોવા મળી રહ્યા છે. અગાઉ માર્ગ મકાન વિભાગ હસ્તકના આ સર્કલોની જાળવણી વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. પરંતુ કોર્પોરેશન સોંપી દેવાયા બાદ સર્કલોની જાળવણીનો મુદ્દો તદન વિસરાયો છે. નગરના સર્કલો પર અકસ્માત થયો હોય તેવા કિસ્સામાં પણ સર્કલોની બાર્ડર પર પડેલા ગાબડા દુર થતા નથી. સર્કલોની સફાઇ તેમજ જાળવણીના મુદ્દે મીંડુ ચિતરાયેલુ છે. દોઢ દાયકા પુર્વે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આ સર્કલો વિવિધ થીમ પર વિકસાવવા માટે વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવ્યા હતા પરંતુ સમય જતા કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સર્કલોની જાળવણી મામલે કોઇ દરકાર લેવાતી ન હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. આવા સંજોગોમાં શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે.સર્કલોની નગરી તરીકે ગાંધીનગર આગવી ઓળખ ધરાવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી થીમ આધારિત વિકસિત સર્કલો કંગાળ બનવા તરફ છે. સફાઇ અને સુશોભન વિસરાયુ છે. જયારે જવાબદાર સંસ્થાઓને પણ આ મામલે નોટીસ આપવા સહીત સર્કલોની જાળવણી માટે ઢંઢોળવાનો પ્રયાસ કરવાની દરકાર પણ તંત્ર લેતુ નથી.

આખલાઓનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખલાઓએ આતંક મચાવ્યો હતો. સોસાયટીના કોમન પ્લોટમાં આખલાએ તોફાન મચાવતા પાર્ક થયેલી ત્રણ કારને પણ નુકશાન થયુ હતુ. કાર પર મોટામસ ડેન્ટ પડી ગયા હતા જયારે કારની લાઇટો પણ આખડાની લડાઇમાં તુટી ગઇ હતી. આ દરમિયાન કોમન પ્લોટમાં રમતા નાના બાળકો પણ ગભરાઇને રડવા લાગ્યા હતા.આખરે સોસાયટીના રહીશાએ દંડા ઉગામીને મહામહેનતે આખલાને દુર કર્યા હતા. પરંતુ આ દરમિયાન સ્થાનિક રહીશોને પણ ગંભીર ઇજા થતા રહી ગઇ હતી. શહેરના સેકટરોમાં રખડતા ઢોરનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. એકબાજુ મેયર રખડતા ઢોરને પકડવા માટે અસરકારક પગલા લેવાતા હોવાનુ જણાંવે છે પરંતુ સેકટરોમાં રોજ કુદકા મારતા વાંદરાઓ વચ્ચે આખલાઓ પણ ગમે ત્યારે મેદાનમાં કે રહીશોના ઘર આંગણે યુધ્ધે ચઢે છે. આ જોખમી સ્થિતિ વચ્ચે સેકટરોમાં ઘર આંગણે રમતા બાળકોની સલામતી સામે પણ સવાલો મંડરાયા છે. જયારે રહીશોના વાહનોને પણ મોટુ નુકશાન થતા નાગરિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. સ્માર્ટ સીટીમાં રસ્તા અને નવી ઇમારતો બાંધવા પાછળ તોતિંગ ખર્ચ કરવામા આવે છે. પરંતુ સ્માર્ટ સીટીની વ્યાખ્યાને સાર્થક કરવા દાયકાઓ જુની અને પ્રત્યેક નાગરિકોને સ્પર્શતી સમસ્યા નિવારવા કોઇ આયોજન થતુ નથી. આમ નાગરિકો વેરો ચુકવીને પણ સુવિધા મેળવી શકતો નથી. સ્માર્ટ સીટીની ઓળખ ઉભી કરવા મથતા નેતાઓ અને અધિકારીઓ નગરને સોહામણુ બનાવવાની યોજનામાં વ્યસ્ત છે. ત્યારે સેકટરોમાં રોજબરોજ ડોકીયા કરતી બિહામણી સમસ્યાઓનુ હજુ પણ નિરાકરણ આવ્યુ નથી. નવા સેકટરોમાં રખડતા ઢોર પકડવા માટે અસરકારક પગલા લેવાય તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ...

પ્રોત્સાહન આપવા માટે પ્રકાશિત થતું અકાદમીનું ''ગઝલવિશ્વ'' આજે અસ્ત પામી ચૂક્યું છે. જો અકાદમીને સ્વાયત્ત નહીં કરવામાં આવે તો શક્ય છે કે આ ગૌરવવંતી સાહિત્યિક સંસ્થા ધીમે ધીમે સંપૂર્ણ સરકારી બનીને ભાષા નિયામકની કચેરી જેવી પૂર્ણ સરકારી કચેરી બની જશે.

હું ચોક્કસપણે માનું છું કે આ બધી બાબતોથી આ વિભાગના મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી તથા માન. શ્રી નરેન્દ્ર મોદીજી સાવ અજાણ હશે જ. તેઓને તો એમ જ હશે કે બધું સરખી રીતે ચાલી રહ્યું છે. કેમ કે તેમના સુધી સાચી વાતો પહોંચતી જ નથી. પરંતુ આ બધાની અસર પ્રજા ઉપર પડે છે જેના મતથી તેઓ ચૂંટાયા છે. જો અકાદમીને સાચી રીતે કાર્યાન્વિત કરવી હોય, સરકાર ઈચ્છતી હોય કે સાહિત્યનું કામ સાહિત્યકારો જ કરે, તો સત્વરે સ્વાયત્તતાના મુદ્દાને સમજવો પડશે. એનો અમલ કરવો પડશે કેમ કે એમાં સરકારને જ લાભ છે. સમાજનો માત્ર આર્થિક વિકાસ જ નહીં સામાજિ